Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના" હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા જનરલ સર્જરી અને ENT સર્જરી ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઇમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ છઠ શનિવાર ૨૦ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૦૩

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

**ઇઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચેના લોહિયાળ સંઘર્ષને પગલે જી.ડી. વેન્સ અને ઇરાની પ્રતિનિધિઓનો સ્વિટ્ઝર્લેન્ડ પ્રવાસ મોકૂફ; હોર્મુઝ કરાર સંકટમાં**

# લેબેનોન પર હુમલાથી ઈરાન-અમેરિકા મંત્રણા રદ

**સ્વિત્ઝર્લેન્ડમાં** શુક્રવારે યોજનાર હસ્તાક્ષર પછીની મંત્રણા મોકૂફ રાખવી પડી

**લેબેનોનમાં** લડાઇ ચાલુ રહી હોવાથી ઇરાને પ્રતિનિધિમંડળ મોકલ્યું નહીં

**અમેરિકી** ઉપપ્રમુખ પણ વોશિંગ્ટનમાં જ રોકાઇ ગયા, હાલ મંત્રણા નહીં થાય એમ જણાવ્યું

**ઝુરિચ, તા. 19 (AP):** ઈરાન સાથે તાકીદે ઉચ્ચ સ્તરની મંત્રણા શરૂ કરવાના અમેરિકાના પ્રયાસોને એક મોટો ઝટકો લાગ્યો છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે વાટાઘાટો કરવા અને હોર્મુઝની સામુદ્રધુનીમાં તેલના પરિવહનને યુદ્ધ પહેલાના સ્તરે પાછું લાવવા માટે ૬૦ દિવસની મુદત આપતા કરાર પર હસ્તાક્ષર થયાના બે જ દિવસ બાદ આ અવરોધ સામે આવ્યો છે.

ઉપપ્રમુખ જે.ડી. વેન્સ શુક્રવારે રાત્રે ફ્લાઈટ દ્વારા સ્વિટ્ઝર્લેન્ડના નાના પહાડી ગામ ઓબ્બર્ગનના એક રિસોર્ટમાં તેમના ઈરાની સમકક્ષોને મળવા અને તકનીકી વાટાઘાટો શરૂ કરવા માટે તૈયાર હતા. તેમના સ્ટાફ અને પત્રકારોનું એક નાનું જૂથ આ પ્રવાસની અપેક્ષાએ વોશિંગ્ટન બહાર આવેલા 'જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ' ખાતે એકત્ર પણ થઈ ગયું હતું. બીજી તરફ, વ્હાઈટ હાઉસના ડઝનેક અધિકારીઓ, એડવાન્સ સ્ટાફ અને અન્ય મીડિયાકર્મીઓ વેન્સના આગમનની તૈયારી માટે સ્વિટ્ઝર્લેન્ડમાં હાજર હતા. પરંતુ ગુરુવારે સાંજે અચાનક જ આ પ્રવાસ હાલ પૂરતો રદ કરવામાં આવ્યો હતો.

વ્હાઈટ હાઉસે એક નિવેદન જાહેર કરીને સ્પષ્ટતા કરી હતી કે, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વાટાઘાટોનું નેતૃત્વ કરવા માટે નિયુક્ત કરાયેલા વેન્સ અને તેમનું પ્રતિનિધિમંડળ વાતચીત માટે સંપૂર્ણ તૈયાર હતા, પરંતુ તેઓ યોજનાઓને અંતિમ ઓપ આપી શક્યા ન હોવાથી ઉપપ્રમુખ વોશિંગ્ટનમાં જ રહેશે. નિવેદનમાં નોંધવામાં આવ્યું છે કે, આ વાટાઘાટોની વ્યવસ્થાઓ ક્યારેય સરળ કે અનુમાનિત રહી નથી.

...અનુસંધાન પાના 11 પર

## દક્ષિણ લેબેનોનમાં ઇઝરાયેલના હુમલા: ૨૧નાં મોત

**જેરૂસલેમ, તા. 19 (AP):** ઈઝરાયેલની સેનાએ શુક્રવારે જણાવ્યું હતું કે તેના દળોએ ગુરુવાર પછીની રાત્રે સમગ્ર દક્ષિણ લેબનોનમાં લક્ષ્યો પર હુમલા કર્યા હતા, જ્યારે હિઝબુલ્લાહે આ વિસ્તારમાં ભીષણ લડાઈ થઈ હોવાના અહેવાલ આપ્યા હતા. આ ઘટનાએ યુદ્ધનો અંત લાવવા માટે ઈરાન અને અમેરિકા વચ્ચે થયેલા હજુ હમણાં જ શરૂ થયેલા કરારને જોખમમાં મૂકી દીધો છે.

**ભીષણ લડાઇમાં ઇઝરાયેલના ચાર સૈનિકો માર્યા ગયા, ડ્રોન હુમલામાં પાંચ સૈનિકો ઘાયલ**

લડાઈ ઉગ્ર બનતા, શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડમાં ઈરાન અને અમેરિકા વચ્ચે યોજાનારી બેઠકો સ્થગિત કરવામાં આવી હતી, જેમાં ઉપરાષ્ટ્રપ્રમુખ જે.ડી. વેન્સ હાજરી આપવાના હતા. પ્રાદેશિક અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈરાન યુદ્ધના કાયમી અંત માટે વાટાઘાટો શરૂ કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ એવી આ બેઠકોને ફરીથી ગોઠવવા માટે મધ્યસ્થોએ પ્રયાસો હાથ ધર્યા હતા, જેમાં તેમનું મોટાભાગનું ધ્યાન લેબનોન પર કેન્દ્રિત હતું. બીજી તરફ, લેબનોનમાં

...અનુસંધાન પાના 11 પર

## અમેરિકા અને કતારની મધ્યસ્થતાથી લેબનોનમાં યુદ્ધવિરામ

વૉશિંગ્ટન, તા. ૧૯: અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર બાદ ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધવિરામ પર સહમતિ બની ગઈ છે. રોયટર્સના જણાવ્યા અનુસાર, બંને પક્ષો વચ્ચે સીઝફાયર શુક્રવારે સ્થાનિક સમય મુજબ સાંજે 4 વાગ્યે (ભારતીય સમય અનુસાર સાંજે 6:30 વાગ્યે) થી લાગુ થઈ ગયો છે.

**ઇઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધવિરામ લાગુ, ઇરાન-યુએસ બેઠક મોકૂફ રહ્યા બાદ જાહેરાત**

એક વરિષ્ઠ અમેરિકન અધિકારીએ જણાવ્યું કે અમેરિકા અને કતારના મધ્યસ્થોએ ઈરાનની મદદથી આ કરાર કરાવ્યો છે.

ગુરુવારે થયેલા ગોળીબાર બાદ બંને પક્ષો લડાઈ રોકવા માટે સંમત થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ઈરાન લેબેનોનમાં લડાઈ અટકે તેવી માગણી કરતું હતું અને ઈઝરાયેલના ત્યાં ચાલુ રહેલા હુમલાઓના મુદ્દે તેણે શાંતિ કરાર માટે સ્વીત્ઝર્લેન્ડ પોતાની ટીમ મોકલવાનું માંડી વાળ્યું હતું અને તે બેઠક હાલ મુલતવી રહી હતી. તેના પછી આ યુદ્ધ વિરામની જાહેરાતના સમાચાર આવ્યા છે.



■ પ્રસ્તુત તસવીર ચીનના હોંગકોંગમાં ડ્રેગન બોટ ફેસ્ટિવલ દરમિયાનની છે જેમાં સ્પર્ધકો એકબીજા પર પાણી ઉડાડીને મજા માણી રહ્યા છે.

# પ. બંગાળમાં ભારે વરસાદ અને ભૂસ્ખલન

**દાર્જીલિંગમાં** કામચલાઉ પુલ તૂટ્યો, કોલકાતાના કેટલાક વિસ્તારો પાણીમાં ગરકાવ

**રવિવારે** પીએમ મોદીની કોલકાતા મુલાકાતને ધ્યાનમાં રાખી કેએમસી એલર્ટ મોડમાં

**આગામી** 48 કલાક માટે જલપાઈગુડી અને અલીપુરદ્વારમાં રેડ એલર્ટ, જ્યારે દાર્જીલિંગ અને કોલકાતામાં ઓરેન્જ એલર્ટ જાહેર

**મુંબઈમાં** વરસાદ બાદ ઈન્ટરનેશનલ એરપોર્ટની છતમાંથી પાણી ટપકવા લાગ્યું



### કોલકાતા એરપોર્ટ પર ઇન્ડિગો ફ્લાઇટ પર વીજળી પડી

**કોલકાતા.** એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (AAI)ના એક અધિકારીએ જણાવ્યું કે, શુક્રવારે વાવાઝોડા અને ભારે વરસાદ દરમિયાન કોલકાતા એરપોર્ટ પર પાર્કિંગમાં ઊભેલા એક ઇન્ડિગો વિમાન પર વીજળી પડી હતી જે અગરતલા જવાનું હતું. આ ઘટના એવા સમયે બની હતી જ્યારે વિસ્તારમાં વાવાઝોડું અને વરસાદ ચાલુ હતો, જેના માટે એરપોર્ટ ઓપરેશન્સ કંટ્રોલ સેન્ટર દ્વારા અગાઉથી જ હવામાન અંગેની ચેતવણીઓ જાહેર કરવામાં આવી હતી. અધિકારીએ વધુમાં ઉમેર્યું હતું કે આ દુર્ઘટનામાં કોઈ પણ મુસાફરને ઈજા થઈ નથી. જે સમયે વીજળી પડી તે

...અનુસંધાન પાના 11 પર

### ઝારખંડમાં વીજળી પડતાં 8નાં મોત

**રાંચી.** ઝારખંડના 6 જિલ્લાઓમાં વીજળી પડવાની જુદી-જુદી ઘટનાઓમાં 2 મહિલાઓ અને 2 વર્ષના માસૂમ બાળક સહિત ઓછામાં ઓછા 8 લોકોનાં મોત થયાં હોવાનું પોલીસે શુક્રવારે જણાવ્યું હતું. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, છેલ્લા 24 કલાકમાં રાજ્યના હજારીબાગ જિલ્લામાં સૌથી વધુ 3 લોકોનાં મોત થયાં છે, જ્યારે બાકીના મોત પલામુ, લોહરદગા, રામગઢ, પશ્ચિમ સિંહભૂમ અને ગોડ્ડા જિલ્લામાંથી નોંધાયા છે. હજારીબાગ જિલ્લામાં મૃતકોની ઓળખ 57 વર્ષનાં સુરેશ પ્રસાદ મહતો, 60

...અનુસંધાન પાના 11 પર

**કોલકાતા-નવી દિલ્હી, તા. 19 (PTI):** પશ્ચિમ બંગાળમાં ચોમાસાના ભારે વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે. પાડોશી દેશ ભૂતાન અને સિક્કિમમાં થઈ રહેલા મુશળધાર વરસાદને કારણે ઉત્તર બંગાળની તીસ્તા અને બલાસન નદીઓ જોખમી સપાટીની નજીક વહી રહી છે. દક્ષિણ બંગાળમાં પરિસ્થિતિ ગંભીર છે. કોલકાતાના સેક્ટર વી, કોલેજ સ્ટ્રીટ અને આસપાસના વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે, જેના લીધે ઓફિસના કલાકો દરમિયાન ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૯-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૫.૪° સે. | ૨૮.૪° સે. | ૬૨% |

# ઈરાનને અમેરિકા તરફથી દસ સેન્ટ પણ નહીં મળે: ડોનાલ્ડ ટ્રમ્પ

**ઇરાન** ખતમ થઇ ગયું હોવાનો અમેરિકી પ્રમુખનો દાવો

**ઇરાન** વધુ મજબૂત બની ગયું છે તેવી પોતાના વિરોધીઓની ટીકાઓ ટ્રમ્પે ફગાવી દીધી

**અમે** વાટાઘાટો માટે આતુર નહીં હતા, ઇરાન હતું

**વૉશિંગ્ટન, તા. 19 :** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન ખતમ થઈ ગયું છે અને પ્રતિજ્ઞા લીધી કે તેહરાનને અમેરિકા તરફથી દસ સેન્ટ પણ નહીં મળે. તેમણે દાવો કર્યો હતો કે યુદ્ધે દેશની સૈન્ય ક્ષમતાઓને બરબાદ કરી દીધી છે અને તેને વાયુસેના, નૌકાદળ અથવા મુખ્ય સંરક્ષણ પ્રણાલીઓ વિનાનું છોડી દીધું છે.

ટ્રુથ સોશિયલ પર શ્રેણીબદ્ધ પોસ્ટ્સમાં, ટ્રમ્પે રાજકીય વિરોધીઓની ટીકાઓને ફગાવી દીધી હતી અને દલીલ કરી હતી કે યુદ્ધે ઈરાનની સૈન્ય તાકાતમાં નાટકીય રીતે ઘટાડો કર્યો છે. ટ્રમ્પે લખ્યું, "યુદ્ધે ઈરાનને નબળું પાડી દીધું છે! હવે તેની પાસે વાયુસેના, નૌકાદળ, વિમાનવિરોધી સાધનો, રડાર અથવા વ્યવહારિક રીતે બીજું કંઈ જ બચ્યું નથી. પ્રમુખે ડેમોક્રેટ્સ પર પણ નિશાન સાધ્યું હતું અને તેવી વાતોની મજાક ઉડાવી હતી કે ઈરાન મહિનાઓ પહેલા કરતાં

...અનુસંધાન પાના 11 પર

### ઇરાને હોર્મુઝનો માર્ગ ફરીથી બંધ કરી દીધો

**તહેરાન.** મીડિયા અહેવાલો અનુસાર, ઈરાનના સૈન્યએ લેબનોનમાં ઈઝરાયેલની સતત ચાલી રહેલી સૈન્ય કાર્યવાહી અને આ વિસ્તારમાં અમેરિકાના દળોની હાજરીનો હવાલો આપીને, વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઉર્જા શિપિંગ રૂટોમાંના એક એવા હોર્મુઝની સામુદ્રધૂનિને ફરીથી બંધ કરવાની જાહેરાત કરી છે. દરિયાઇ રેડિયો ચેનલો પર પ્રસારિત એક નિવેદનમાં, ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ(IRGC)એ જણાવ્યું હતું કે જ્યાં સુધી તાજેતરમાં હસ્તાક્ષર કરાયેલા અમેરિકા-ઈરાન મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગમાં દર્શાવેલ મુખ્ય શરતોનું પાલન નહીં થાય ત્યાં સુધી આ જળમાર્ગ બંધ રહેશે. એક મહત્વનું કારણ લેબેનોનમાં ચાલુ રહેલી લડાઇનું આપવામાં આવ્યું છે. હોર્મુઝની સમુદ્રધુની પર દેખરેખ રાખવા માટે નિયુક્ત કરવામાં આવેલા એક નવા ઈરાની સત્તામંડળે શુક્રવારે એક માર્ગદર્શિકા બહાર

**કરારમાંની મુખ્ય શરતોનું પાલન નહીં થાય ત્યાં સુધી બંધ રહેશે, લેબેનોન મુદ્દો ખાસ**

**નવા સત્તામંડળે હોર્મુઝમાંથી પસાર થતા જહાજોનું રજિસ્ટ્રેશન કરાવવા જણાવ્યું**

...અનુસંધાન પાના 11 પર


